**1. $^{12}C$ ના એક પરમાણુનું ગ્રામમાં દળ કેટલું હશે ?**

➠ $^{12}C$ નું દળ માસ સ્પેક્ટ્રોમીટર નામના સાધન વડે નક્કી કરવામાં આવ્યું હતું. જે $1.992648 \times 10^{-23}$ જેટલું માલૂમ પડ્યું હતું. 1 મોલ $^{12}C$ પરમાણુનું દળ 12 હોય છે અને તેમાં પરમાણુઓની સંખ્યા $N_A$ (એવોગેડ્રો અંક) જેટલી હોય છે. આમ,

➠ 1 મોલ $^{12}C$ પરમાણુઓ = 12 ગ્રામ

= $6.022 \times 10^{23}$ પરમાણુ

$\therefore$ $6.022 \times 10^{23}$ $^{12}C$ કાર્બન પરમાણુઓનું દળ 12 ગ્રામ જેટલું હોવું જોઈએ.

$\therefore$ $^{12}C$ કાર્બનના 1 પરમાણુનું દળ

$= \frac{12}{6.022 \times 10^{23}}$ ગ્રામ

$= 1.992648 \times 10^{-23}$ ગ્રામ

$\approx 1.99 \times 10^{-23}$ ગ્રામ

**2. નીચેની ગણતરીમાં સાર્થક અંકની સંખ્યા કેટલી હશે ?**

$\frac{2.5 \times 1.25 \times 3.5}{2.01}$

➠ લઘુતમ પરિશુદ્ધ મૂલ્યો 2.5 અને 3.5 બે સાર્થક અંકો છે.

$\frac{2.5 \times 1.25 \times 3.5}{2.01} \approx 5.4415 = 5.4$

**3. મોલનો SI એકમ શું છે ? તેને કેવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે ?**

➠ SI એકમમાં મોલ 'mole'ની સંજ્ઞા 'mol' છે. એક મોલ એટલે પદાર્થનો એટલો જથ્થો જે 12 ગ્રામ અથવા 0.012 કિ.ગ્રામ. $^{12}C$ સમસ્થાનિકમાં રહેલા પરમાણુ સંખ્યા

$\frac{1}{12}$ ગ્રામ $^{12}C$ સમસ્થાનિક = 1 મોલ (mole)

**4. મોલાલિટી અને મોલારિટી વચ્ચે તફાવત દર્શાવો.**

➠

| મોલાલિટી | મોલારિટી |
|---|---|
| (a) $\frac{\text{દ્રાવ્યનું દળ ગ્રામમાં}}{\text{આણ્વીયદળ} \times \text{દ્રાવકનું વજન કિલોગ્રામમાં}}$ | (a) $\frac{\text{દ્રાવ્યનું દળ ગ્રામમાં}}{\text{આણ્વીયદળ} \times \text{દ્રાવકનું કદ લિટરમાં}}$ |
| (b) તેનું મૂલ્ય તાપમાન સાથે બદલાતું નથી. | (b) તેનું મૂલ્ય તાપમાન સાથે બદલાય છે. |
| (c) એક કિલોગ્રામ દ્રાવકમાં ઓગળેલા દ્રાવ્યની મોલ સંખ્યાને મોલાલિટી કહે છે. | (c) એક લિટર દ્રાવણમાં ઓગળેલા દ્રાવ્યના મોલ સંખ્યાને મોલારિટી કહે છે. |

**5. $Ca_3(PO_4)_2$માં Ca, P અને Oના %વાર દળનું પ્રમાણ ગણો.**

➠ પરમાણુ દળનું % પ્રમાણ નક્કી કરવા માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે :

તત્ત્વનું % દળ $= \frac{\text{સંયોજનમાં રહેલા તત્ત્વનું દળ}}{\text{આણ્વીયદળ}} \times 100$

➠ Caનું % દળ $= \frac{3 \times \text{Caનું પરમાણ્વીયદળ}}{Ca_3(PO_4)_2 \text{ નું આણ્વીયદળ}} \times 100$

$$= \frac{3 \times 40\,u}{310\,u} = 38.71\%$$

➠ $Ca_3(PO_4)_2$નું આણ્વીયદળ $= 3Ca + 2P + 8(O)$

$= (3 \times 40) + (2 \times 31) + 8(16)$

$= 120 + 62 + 128 = 310$

➠ Pનું % દળ $= \frac{2 \times \text{P નું પરમાણ્વીયદળ}}{Ca_3(PO_4)_2 \text{ નું આણ્વીયદળ}} \times 100$

$$= \frac{2 \times 31\,u}{310\,u} \times 100 = 20\%$$

➠ Oનું % દળ $= \frac{8 \times \text{O નું પરમાણ્વીયદળ}}{Ca_3(PO_4)_2 \text{ નું આણ્વીયદળ}} \times 100$

$$= \frac{8 \times 16\,u}{310\,u} \times 100 = 41.29\%$$

**6. 45.4 લિટર ડાયનાઇટ્રોજન, 22.7 લિટર ડાયઑક્સિજન સાથે સંયોજાઈ 45.4 લિટર નાઇટ્રસ ઑક્સાઇડ બનાવે છે.**

**$2N_{2(g)} + O_{2(g)} \rightarrow 2N_2O_{(g)}$**

**આ પ્રક્રિયામાં કયા નિયમનું પાલન થયું છે ? તે બતાવો અને તે નિયમ લખો.**

➠ $2N_{2(g)} + O_{2(g)} \rightarrow 2N_2O_{(g)}$

2V 1V 2V

$$\frac{45.4}{22.7} = 2 \quad \frac{22.7}{22.7} = 1 \quad \frac{45.4}{22.7} = 2$$

➠ ઉપરના પરિણામોને આધારે કહી શકાય કે પ્રક્રિયકો અને નીપજોના કદનો સાદો ગુણોત્તર 2 : 1 : 2 છે, ગે લ્યુસેકના નિયમને સાબિત કરે છે. "સમાન તાપમાન અને દબાણે જ્યારે બે અથવા વધારે વાયુઓ સંયોજાય છે ત્યારે તેઓની રાસાયણિક પ્રક્રિયામાં તેમના કદ સામાન્ય ગુણોત્તરમાં હોય છે."

**7. જ્યારે બે તત્ત્વો જોડાઈને એક કરતાં વધુ સંયોજનો બનાવે ત્યારે એક તત્ત્વના નિશ્ચિત દળ જે બીજા તત્ત્વના નિયત દળ સાથે પૂર્ણસંખ્યા ગુણોત્તરથી જોડાય છે.**

**(a) ઉપર દર્શાવેલ વિધાન સાચું છે ?**

**(b) જો 'હા' હોય તો તે કયા નિયમનું પાલન કરે છે ?**

**(c) આ નિયમને અનુરૂપ ઉદાહરણ આપો.**

➠ (a) હા, આ વિધાન સાચું છે.

(b) તે ગુણક પ્રમાણના નિયમને પાળે છે.

(c) $H_2 + O \rightarrow H_2O$

2 ગ્રામ 16 ગ્રામ 18 ગ્રામ

$H_2 + O_2 \rightarrow H_2O_2$

2 ગ્રામ 32 ગ્રામ 34 ગ્રામ

➠ અહીં ઑક્સિજનનું દળ (16 ગ્રામ પાણી અને 32 ગ્રામ $H_2O_2$) $H_2$ના નિયત દળ 2.0 ગ્રામ સાથે સંયોજાય છે જે પ્રમાણ 16:32 જે 1:2 જેવા સાદા ગુણોત્તર વડે દર્શાવાય છે.

**8. નીચેના પરિણામોનો ઉપયોગ કરીને હાઇડ્રોજનનું સરેરાશ પરમાણ્વીયદળ ગણો :**

| સમસ્થાનિક | % કુદરતમાં પ્રચૂરતા | આણ્વીયદળ |
|---|---|---|
| $^1H$ | 99.985 | 1 |
| $^2H$ | 0.015 | 2 |

➠ **ઘણાં કુદરતી રીતે પ્રાપ્ત થતાં તત્ત્વો એક કરતાં વધુ સમસ્થાનિકો તરીકે અસ્તિત્વ ધરાવે છે, જ્યારે આપણે આ સમસ્થાનિકોનું અસ્તિત્વ અને પ્રચૂરતા (% પ્રચૂરતા)ને ગણતરીમાં લઈએ ત્યારે તત્ત્વનું સરેરાશ પરમાણ્વીયદળ નીચે મુજબ ગણી શકાય છે :**

($^1H$ની કુદરતમાં પ્રચૂરતા × $^1H_2$નું આણ્વીયદળ)

$$\text{સરેરાશ પરમાણ્વીયદળ} = \frac{\begin{bmatrix} ^1\text{Hની કુદરતમાં} & \times & ^1\text{Hનું આણ્વીય} \\ \text{પ્રચૂરતા} & & \text{દળ} \end{bmatrix} + \begin{bmatrix} ^2\text{Hની કુદરતમાં} & \times & ^2\text{Hનું આણ્વીય} \\ \text{પ્રચૂરતા} & & \text{દળ} \end{bmatrix}}{100}$$

$$= \frac{(99.985 \times 1) + (0.015 \times 2)}{100}$$

$$= \frac{99.985 + 0.030}{100}$$

$$= \frac{100.015}{100} = 1.00015 \text{ u}$$

**9. પ્રયોગશાળામાં Znના ટુકડાની મંદ HCl સાથે પ્રક્રિયા કરતાં હાઇડ્રોજન વાયુ ઉત્પન્ન થાય છે.**

**સમીકરણ : $Zn + 2HCl \rightarrow ZnCl_2 + H_2$**

**જ્યારે 32.65 ગ્રામ Zn ધાતુ HCl સાથે પ્રક્રિયા કરે ત્યારે ઉત્પન્ન થયેલા $H_2(g)$નું STPએ કદ ગણો : STPએ 1 મોલ $H_2(g)$ 22.7 લિટર કદ ધારણ કરે છે. Znનું પરમાણ્વીયદળ = 65.3 u છે.**

➠ Znનું વજન (દળ) = 32.65 ગ્રામ (આપેલ)

વાયુનો 1 મોલ 22.7 લિટર કદ STPએ રોકે છે.

Znનું પરમાણ્વીય = 65.3 u

➠ સમીકરણ :

$Zn + 2HCl \rightarrow ZnCl_2 \quad + H_2 \;$ = 22.7 લિટર (STP)

65.3 ગ્રામ   1 મોલ

ઉપર દર્શાવેલા સમીકરણ મુજબ સ્પષ્ટ થાય છે કે 65.3 ગ્રામ Zn જ્યારે HCl સાથે પ્રક્રિયા કરે ત્યારે 22.7 લિટર $H_2$ વાયુ STPએ મુક્ત કરે છે.

$\therefore$ 32.65 ગ્રામ Zn જ્યારે HCl સાથે પ્રક્રિયા કરશે ત્યારે $= \dfrac{22.7 \times 32.65}{65.3}$

= 11.35 લિટર $H_2$ વાયુ STPએ ઉત્પન્ન કરશે.

**10. NaOHના 3 મોલલ દ્રાવણની ઘનતા 1.110 ગ્રામ મિલી$^{-1}$ છે. દ્રાવણની મોલારિટી ગણો.**

➠ NaOHનું 3 મોલલ દ્રાવણ એટલે કે NaOHના 3 મોલલ જેટલું વજન 1 કિલોગ્રામ દ્રાવકમાં ઓગળેલું છે. આથી દ્રાવણનું કુલ દળ = 1000 ગ્રામ દ્રાવક + 120 ગ્રામ NaOH = 1120 ગ્રામ થશે. (3 મોલ NaOH = 3 × 40 = 120 મોલ)

➠ $\text{દ્રાવણનું કદ (V)} = \dfrac{\text{દ્રાવણનું કુલ દળ}}{\text{દ્રાવણની ઘનતા}}$

$= \dfrac{1120 \text{ ગ્રામ}}{1.110 \text{ ગ્રામ મિલી}^{-1}} = 1009$ મિલી

➠ $\text{મોલારિટી} = \dfrac{\text{દ્રાવ્યની મોલ સંખ્યા} \times 1000}{\text{દ્રાવણનું મિલીમાં કદ}}$

$= \dfrac{3 \times 1000}{1009} = 2.973 \approx 3M$

**11. તાપમાનના ફેરફાર સાથે દ્રાવણના કદમાં પણ ફેરફાર થાય છે. આ ફેરફાર સાથે દ્રાવણની મોલાલિટી ઉપર શી અસર થશે ? તમારો જવાબ કારણ આપી દર્શાવો.**

➠ દ્રાવણની મોલાલિટીનું મૂલ્ય તાપમાનના ફેરફાર સાથે બદલાતું નથી કારણ કે દ્રાવ્યનું દળ તાપમાનના ફેરફાર સાથે બદલાતું નથી.

$\text{મોલાલિટી } m = \dfrac{\text{દ્રાવ્યની મોલ સંખ્યા} \times 1000}{\text{દ્રાવકનું ગ્રામમાં વજન}}$

**12. 4.0 ગ્રામ NaOHને 36 ગ્રામ $H_2O$માં ઓગાળવામાં આવે ત્યારે દરેક ઘટકના મોલ અંશ શોધો તથા દ્રાવણની મોલારિટી પણ શોધો. (દ્રાવણની વિશિષ્ટ ઘનતા =1 ગ્રામ મિલી$^{-1}$ છે.) (X = મોલ અંશ)**

➠ NaOHની મોલ સંખ્યા = $n_{NaOH} = \frac{4}{40} = 0.1$ મોલ

$H_2O$ની મોલ સંખ્યા = $\frac{36}{18}$ = 2.0

NaOHના મોલ અંશ = $\frac{\text{NaOHના મોલ}}{\text{NaOHના મોલ} + H_2O\text{ના મોલ}}$

➠ $X_{NaOH} = \frac{0.1}{0.1+2} = \frac{01}{2.1} = 0.0476$

$X_{H_2O} = \frac{n_{H_2O}}{n_{NaOH} + n_{H_2O}} = \frac{2}{0.1+2} = 0.9524$

➠ દ્રાવણનું કુલ દળ = દ્રાવ્યનું દળ + દ્રાવકનું દળ

= 4 + 36 = 40 ગ્રામ

➠ દ્રાવણનું કદ = $\frac{\text{દ્રાવણનું દળ}}{\text{વિશિષ્ટ ઘનતા}}$

$= \frac{40 \text{ ગ્રામ}}{1 \text{ ગ્રામ મિલી}^{-1}}$ = 40 મિલી.

➠ મોલારિટી = $\frac{\text{દ્રાવ્યની મોલ સંખ્યા} \times 1000}{\text{દ્રાવણનું મિલી.માં કદ}}$

$= \frac{0.1 \times 1000}{40} = 2.5$ M

**13. જે પ્રક્રિયક પ્રક્રિયા દરમિયાન સંપૂર્ણપણે વપરાઈ જાય તેને સીમિત પ્રક્રિયક કહે છે.**

**પ્રક્રિયા : 2A + 4B → 3C + 4D જ્યારે Aના 5 મોલ Bના 6 મોલ સાથે પ્રક્રિયા કરે ત્યારે**

**(a) સીમિત પ્રક્રિયક કયો હશે ?**

**(b) ઉત્પન્ન થયેલ C નીપજનું પ્રમાણ કેટલું હશે ?**

➠ 2A + 4B → 3C + 4D

ઉપર દર્શાવેલ સમીકરણ પ્રમાણે A સંયોજનના 2 મોલ B સંયોજનના 4 મોલ સાથે સંયોજાય છે.

∴ Aના 5 મોલ B સંયોજનના 10 મોલ સાથે પ્રક્રિયા કરશે. $\left(\frac{5 \times 4}{2} = 10 \text{ મોલ}\right)$

➠ (a) ઉપરની માહિતીના આધારે કહી શકાય કે પ્રક્રિયક B, સીમિત પ્રક્રિયક છે. પ્રક્રિયામાં તે પ્રથમ વપરાઈ જાય છે કારણ કે B ઘટકના માત્ર 6 મોલ છે.

➠ (b) સીમિત પ્રક્રિયક નીપજનું પ્રમાણ નક્કી કરે છે.

પ્રક્રિયા મુજબ B પ્રક્રિયકના 4 મોલમાંથી Cના 3 મોલ ઉત્પન્ન કરે છે.

∴ Bના 6 મોલ $\left(\frac{3 \times 6}{4} = 4.5\right)$ મોલ

(C ઘટકના 4.5 મોલ ઉત્પન્ન થશે.)

નોંધ : સીમિત પ્રક્રિયક નીપજના પ્રમાણને પણ સીમિત કરે છે કારણ કે તેનું પ્રમાણ ઓછું હોય છે અને પ્રક્રિયા દરમિયાન જલદીથી વપરાઈ જાય છે.